Tuesday
07.04.2026
*Volume :10 * Issue No.270
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

# કમલમ્

KAMALAM — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક — Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



# ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ અન્વયે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ગાંધીનગર ખાતે ભાજપાનો ધ્વજ લગાવતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

## ભાજપા માત્ર એક રાજકીય પક્ષ નથી, પરંતુ 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના સાથે જનસેવા કરવાનું માધ્યમ છે- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

**કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓને "અભણ" અને "મૂર્ખ" કહેવા અંગે શ્રી જગદીશ વિશ્વકર્માના આકરા પ્રહાર: ગુજરાત વિરોધી હલકી માનસિકતા ધરાવતા લોકોને સાડા છ કરોડ ગુજરાતીઓ જડબાતોડ જવાબ આપતા આવ્યા છે અને આગળ પણ આપશે**





## જેટલું બોલવું એટલું કરવું અને જેટલું કરવું તેટલું જ બોલવું એ ભાજપની કાર્યશૈલી રહી છે- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

કમલમ્,

૬ એપ્રિલના રોજ ભારતીય જનતા પાર્ટીના ૪૬ માં સ્થાપના દિન નિમિત્તે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે ભારતીય જનતા પાર્ટીનો ધ્વજ લગાવ્યો હતો. તેઓએ આ પ્રસંગે પ્રદેશ કાર્યાલય સ્થિત ભારતમાતા, ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ધ્વજારોહણ બાદ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કાર્યકર્તાઓને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કાર્યકર્તાઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી માત્ર રાજકીય પક્ષ નથી, પરંતુ 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના સાથે જનસેવા કરવાનું માધ્યમ છે. તેમણે ભૂતકાળના સંઘર્ષને યાદ કરતા કહ્યું કે, માત્ર બે બેઠકો હોવા છતાં ભાજપ ક્યારેય વિચલિત નથી થઈ, કારણ કે આપણો જુસ્સો અને વિચારધારા અડગ છે. વિપક્ષો દ્વારા કરવામાં આવેલી અનેક હેરાનગતિઓ છતાં ભાજપ હંમેશા પોતાની વિકાસની રાજનીતિને વરેલી રહી છે. ભાજપાનો કાર્યકર માત્ર ચુંટણી માટે નહિ, રાષ્ટ્રપ્રથમના ભાવ સાથે કાર્ય કરે છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, આજે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ થઈ અને તિરંગો લહેરાઈ રહ્યો છે તે અનેક કાર્યકર્તાઓના લોહી-પરસેવાનું પરિણામ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતથી જે વિકાસની રાજનીતિ શરૂ કરી હતી, તેને આજે સમગ્ર દેશ અને દુનિયાએ સ્વીકારવી પડી છે. તેમણે વિશ્વાસપૂર્વક જણાવ્યું કે, જેટલું બોલવું એટલું કરવું અને જેટલું કરવું તેટલું જ બોલવું એ ભાજપની કાર્યશૈલી રહી છે અને તેના કારણે જ જનતાનો ભરોસો સતત વધી રહ્યો છે. ગુજરાતના પ્રગતિશીલતાનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, જે રાજયનું બજેટ ક્યારેક માત્ર ૯ હજાર કરોડ હતું, તે આજે ૪.૦૮ લાખ કરોડ સુધી પહોંચ્યું છે. મહિલા સશક્તિકરણ માટે ૩૩ ટકા અનામત જેવી ઐતિહાસિક પહેલ પણ આ ભાજપાના નેતૃત્વની દીર્ઘદ્રષ્ટિનું પરિણામ છે. વૈશ્વિક કટોકટી અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓ વચ્ચે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના સબળ નેતૃત્વ હેઠળ ભારત સુરક્ષિત હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે લોકશાહી ઢબે ચાલતી ભાજપમાં બૂથનો કાર્યકર્તા પણ ઊંચા હોદ્દાનો દાવેદાર બની શકે છે. અંતમાં, તેમણે પક્ષના મૂળભૂત સિદ્ધાંતને મજબૂત રીતે દોહરાવતા કહ્યું કે, ભાજપના દરેક કાર્યકર્તા માટે "વ્યક્તિ સે બડા દલ, દલ સે બડા દેશ" અને "મોદી હૈ તો મુમકીન હૈ" એ માત્ર સૂત્રો નથી પણ આપણી કાર્યશક્તિનો આધાર છે. આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તેમના સંબોધનમા જણાવ્યું હતું કે, આજે આપણે માત્ર ભાજપાનો સ્થાપના દિવસ નથી ઉજવી રહ્યા, પરંતુ ભારત માતાના ગૌરવને પુનઃસ્થાપિત કરવાના સંકલ્પનો ઉત્સવ ઉજવી રહ્યા છીએ. ૧૯૫૧માં ભારતીય જનસંઘથી શરૂ થયેલી આપણી આ સફર માતૃભૂમિ પ્રત્યેની નિષ્ઠા અને લોકશાહીની શક્તિને કારણે આજે વિશાળ વટવૃક્ષ બની છે. તેમણે પક્ષને સીંચનારા એ તમામ મહાનુભાવોને નમન કર્યા જેમણે પોતાનું લોહી આપીને આ મજબૂત સંગઠનને ઊભું કર્યું છે. ૧૯૫૨માં નહેરુજીએ 'આઈ શેલ ક્રશ જનસંઘ' કહી જનસંઘને કચડી નાખવાની વાત કરી હતી, ત્યારે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ ગર્જના કરી હતી કે, "વી વીલ ક્રશ યોર ક્રશિંગ મેન્ટાલિટી" (અમે તમારી વિધ્વંસક વૃત્તિનો વિનાશ કરીશું). કાશ્મીર માટે "એક દેશમાં બે નિશાન, બે વિધાન અને બે પ્રધાન નહીં ચાલે"ના સૂત્ર સાથે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ શહાદત વહોરી હતી. તેમના રકતથી સિંચાયેલ જનસંઘનું બીજ આજે ભાજપાના સ્વરૂપમાં વટવૃક્ષ બની સમગ્ર દેશમાં ફેલાયું છે. શ્રી વિશ્વકર્માએ ઈતિહાસને વાગોળતા કહ્યું કે, ૨૬ જૂન ૧૯૭૫ના રોજ લાદવામાં આવેલી કટોકટી સામે લડવા જનસંઘે દેશહિત માટે જનતા મોરચામાં વિલીન થવાનો નિર્ણય લીધો હતો. પરંતુ જ્યારે વિચારધારા અને સંઘની સદસ્યતા છોડવાની વાત આવી, ત્યારે સત્તાનો ત્યાગ કરી રાષ્ટ્રવાદને પ્રાધાન્ય આપ્યું હતું. ૬ એપ્રિલ ૧૯૮૦ના રોજ મુંબઈના દરિયાકિનારે અટલ બિહારી વાજપેયીજીએ કરેલી ભવિષ્યવાણી કે, "અંધેરા છટેગા... સૂરજ નિકલેગા... કમલ ખીલેગા" આજે સાચી ઠરી છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના 'એકાત્મ માનવવાદ' અને 'અંત્યોદય'ના માર્ગે ચાલતો આ પક્ષ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ, લોકતંત્ર, એકાત્મ માનવદર્શન, સર્વધર્મ સમભાવ અને મૂલ્ય આધારિત રાજનીતિની પંચનિષ્ઠાઓને વરેલો છે. તેમણે જણાવ્યું કે, ૧૯૮૪માં માત્ર ૨ બેઠકોથી શરૂઆત કરનાર ભાજપની મજાક ઉડાવતા કોંગ્રેસે 'હમ દો-હમારે દો'નો નારો આપ્યો હતો, પરંતુ જનતાના આશીર્વાદથી ૧૯૯૬, ૧૯૯૮ અને ૧૯૯૯માં અટલજીના નેતૃત્વમાં શાસન અને ત્યારબાદ ૨૦૧૪થી નરેન્દ્રભાઈ મોદીના કરિશ્માઈ નેતૃત્વમાં ભાજપે સતત વિજયધ્વજ લહેરાવ્યો છે. ૨૦૧૪માં ૨૮૨ બેઠકો, ૨૦૧૯માં ૩૦૦થી વધુ બેઠકો અને ૨૦૨૪માં ૨૪૦ બેઠકો સાથે ભાજપે વિક્રમ સ્થાપ્યો છે. ગુજરાતમાં ૨૭ વર્ષના શાસન બાદ પણ ૫૨.૫૦% મત અને ૧૫૬ બેઠકો મેળવવી એ કાર્યકર્તાઓના પરિશ્રમનું પરિણામ છે. આજે દેશના ૨૦ થી વધુ રાજ્યોમાં ભાજપ-દ્ધદ્ધછની સરકારો સુશાસન આપી રહી છે. સ્થાપના દિવસના મહત્વને સમજાવતા તેમણે ઉમેર્યું કે, આ દિવસ એટલે વિચારધારાના મૂળ સાથે જોડાવાનો અને રાષ્ટ્રપ્રેમના સિંદૂરથી કપાળને ભગવા રંગે રંગવાનો દિવસ છે. આજનો દિવસ એ કાર્યકર્તાઓને યાદ કરવાની પ્રેરણા આપે છે જેણે પોલીસ લાઠી ખાધી, જેલમાં બંધ રહ્યા, ભુખ્યા રહ્યા, તરસ્યા રહ્યા, જેમણે પોતાના પરિવારની, પોતાનાં ભવિષ્યની ચિંતા કર્યા વગર રાષ્ટ્ર માટે ભાજપના કામમાં પોતાની જાત ઘસી નાંખી અને મૂડી પણ ખર્ચી નાંખીને તડકો, વરસાદ, ઠંડીની પરવાહ કર્યા

## ભાજપના દરેક કાર્યકર્તા માટે "વ્યક્તિ સે બડા દલ, દલ સે બડા દેશ" એ માત્ર સૂત્ર નહિ પણ કાર્યશક્તિનો આધાર છે- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

સિવાય સતત કાર્યરત રહ વિચારધારાને જીવંત રાખી છે, કાર્યકર્તાઓએ પોતાના ઘરને જ કાર્યાલય બનાવ્યા તેમના સમર્પણને કારણે જ આ વિશાળ વટવૃક્ષ ઉભુ થયું છે. આપણે ગર્વ સાથે કહી શકીએ છીએ કે, આજે કલમ ૩૭૦ નાબૂદ થઈ છે, અયોધ્યામાં ભવ્ય રામમંદિર બન્યું છે, ટ્રિપલ તલાક નાબૂદ થયો છે, ગુજરાત દેશમાં UCC કાયદો પસાર કરનારું બીજું રાજ્ય બન્યું છે. તેમણે કહ્યું કે, લોકોની સમસ્યાઓને વાચા આપવામાં ભાજપે કદી ઉદાસીનતા દાખવી નથી. 'લોકોના સુખે સુખી... લોકોના દુખે દુખી' ના મંત્ર સાથે ચાલતી આ પાર્ટી છે. ભાજપ વંશવાદ પર ચાલતો પક્ષ નથી, પરંતુ જ્યાં એક સામાન્ય કાર્યકર્તા પણ દેશનો વડાપ્રધાન બની શકે તેવી સાચી લોકશાહીનો પક્ષ છે. અટલ બિહારી વાજપેયીજી અને લાલકૃષ્ણ અડવાણીજી જેવા નેતાઓએ આ પક્ષ માટે જીવન આખું સમર્પિત કરી દીધું છે. ભારતીય જનતા પાર્ટી પાસે નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહ જેવા મૂલ્યનિષ્ઠ રાજનેતાઓની મોટી શ્રૃંખલા છે. અંતમાં, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓને "અભણ" અને "મૂર્ખ" કહેવા બદલ આકરા પ્રહાર કરતા શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે, જે ધરતીએ શ્રી મહાત્મા ગાંધીજી, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહ જેવા સપૂત આપ્યા છે તે ધરતીનું અપમાન ગુજરાત ક્યારેય સહન નહીં કરે. આવી હલકી માનસિકતા ધરાવતા લોકોને સાડા છ કરોડ ગુજરાતીઓ જડબાતોડ જવાબ આપતા આવ્યા છે અને આપશે. તેમણે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજય સંકલ્પ સાથે કાર્યરત રહી તમામ સ્થાનોએ ભાજપનો ભગવો લહેરાવવા કાર્યકર્તાઓને આહવાન કર્યું હતું. આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રીશ્રી ડો. પ્રશાંતભાઈ કોરાટ, પ્રદેશ ચૂંટણી સંચાલન સમિતિના સંયોજકશ્રી ગોરધનભાઈ ઝડફિયા, પ્રદેશ પદાધિકારીઓ, અગ્રણીઓ, ગાંધીનગર શહેર ભાજપ અધ્યક્ષશ્રી આશિષભાઈ દવે સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,


**ભારતીય જનતા પાર્ટીના ૪૭મા સ્થાપના દિવસના પાવન અવસરે ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ના નિવાસસ્થાને ગૌરવપૂર્વક પક્ષનો ધ્વજ લહેરાવ્યો. આ કેસરીયો ધ્વજ માત્ર એક પ્રતિક નથી, પરંતુ કરોડો કાર્યકર્તાઓના અતૂટ વિશ્વાસ, અખંડ રાષ્ટ્રભક્તિ અને અંત્યોદયના અડગ સંકલ્પનું પ્રતિબિંબ છે. ભાજપ આજે જે વટવૃક્ષ સમાન વિકસ્યું છે, તેના મૂળમાં અસંખ્ય કાર્યકર્તાઓનો પરસેવો, ત્યાગ અને સમર્પણ છુપાયેલું છે. આ પ્રસંગે રિટાબેન પટેલ કાઉન્સિલર, રૂમિતભાઈ પટેલ ચાંદખેડા વોર્ડ મહામંત્રી, શક્તિસિંહ ઝાલા યુવા મોરચા પ્રમુખ ચાંદખેડા વોર્ડ અને યુવા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.**

## આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજય સંકલ્પ સાથે કાર્યરત રહી તમામ સ્થાનોએ ભાજપનો ભગવો લહેરાવવા કાર્યકર્તાઓને આહવાન કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

## તંત્રી સ્થાનેથી......

ભારતના દરિયાઈ ક્ષેત્ર માટે એક નોંધપાત્ર સિદ્ધિમાં, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય હેઠળના મુખ્ય બંદરોએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬દરમિયાન સામૂહિક રીતે ૯૧૫.૧૭ મિલિયન ટન (MT) કાર્ગોનું વહન (Handling) કર્યું છે, જે 904 MT ના વાર્ષિક લક્ષ્યાંકને વટાવી ગયો છે. આ ૭.૦૬% ની વર્ષ-દર-વર્ષ વૃદ્ધિ દર્શાવે છે, જે આ ક્ષેત્રની મજબૂત રિકવરી, ઉન્નત કાર્યક્ષમતા અને સતત વૃદ્ધિના માર્ગની પુષ્ટિ કરે છે. આ સીમાચિહ્ન બંદર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવા, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારવા અને મેરિટાઈમ અમૃતકાળ વિઝન ૨૦૪૭ હેઠળ અગ્રણી દરિયાઈ રાષ્ટ્ર તરીકે ભારતની સ્થિતિને મજબૂત કરવા માટે ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા પરિવર્તનકારી સુધારાઓ અને વ્યૂહાત્મક રોકાણોની અસરને રેખાંકિત કરે છે. કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્વાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, "અમારા મુખ્ય બંદરો દ્વારા ૯૧૫ મિલિયન ટનથી વધુના વિક્રમી કાર્ગો હેન્ડલિંગ એ ભારતના દરિયાઈ ક્ષેત્રને મજબૂત કરવા માટે સરકારની અટલ પ્રતિબદ્ધતાનું પ્રમાણ છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના વિઝન દ્વારા માર્ગદર્શિત, અમે ભારતની વધતી જતી અર્થવ્યવસ્થાને ટેકો આપવા માટે વિશ્વકક્ષાનું બંદર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવી રહ્યા છીએ, કાર્યક્ષમતામાં સુધારો કરી રહ્યા છીએ અને સીમલેસ લોજિસ્ટિક્સ સક્ષમ કરી રહ્યા છીએ. આ સિદ્ધિ મેરિટાઈમ અમૃતકાળ વિઝન ૨૦૪૭ હેઠળ ભારતને વૈશ્વિક દરિયાઈ પાવરહાઉસ તરીકે સ્થાપિત કરવાના અમારા સંકલ્પને વધુ મજબૂત બનાવે છે." આ કામગીરી મુખ્ય બંદરો પર સતત વૃદ્ધિને પ્રતિબિંબિત કરે છે, જેમાં દીનદયાળ પોર્ટ ઓથોરિટી 160.11 MT સાથે ટોચના પ્રદર્શનકર્તા તરીકે ઉભરી આવી છે, ત્યારબાદ પારાદીપ પોર્ટ ઓથોરિટી ૧૫૬.૪૫ રૂ અને જવાહરલાલનેહરુ પોર્ટ ઓથોરિટી (JNPA) 102.01 MT સાથે આવે છે. વિશાખાપટ્ટનમ પોર્ટ ઓથોરિટી, મુંબઈ પોર્ટ ઓથોરિટી, ચેન્નાઈ પોર્ટ ઓથોરિટી અને ન્યુ મેંગલોર પોર્ટ ઓથોરિટી સહિતના અન્ય મુખ્ય બંદરોએ પણ મજબૂત પ્રદર્શન નોંધાવ્યું હતું, જેણે કુલ માલસામાનની હેરફેરના જથ્થા (Cargo Throughput) માં નોંધપાત્રયોગદાન આપ્યું હતું. વૃદ્ધિ દરની દ્રષ્ટિએ, મોર્મુગાઓ પોર્ટ ઓથોરિટીએ ૧૫.૯૧% સાથે સૌથી વધુ વધારો નોંધાવ્યો હતો, ત્યારબાદ કોલકાતા ડોક સિસ્ટમ 14.28% અને JNPA 10.74% સાથે છે, જે સુધારેલી કાર્યક્ષમતા અને વધતા કાર્ગો વોલ્યુમને પ્રતિબિંબિત કરે છે. કાર્ગો હેન્ડલિંગમાં સતત વૃદ્ધિ ક્ષમતામાં વધારો અને બંદર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણ, મજબૂત મલ્ટિમોડલ કનેક્ટિવિટી અને સીમલેસ હિંટરલેન્ડ લિંકેજ, ડિજિટલ અને સ્માર્ટ પોર્ટ પહેલને અપનાવવા, કોલસો, ક્રૂડ ઓઈલ, કન્ટેનર, ખાતરો અને POL સહિતની મુખ્ય ચીજવસ્તુઓના હેન્ડલિંગમાં વધારો, તેમજ બંદરો પર ટર્નઅરાઉન્ડ સમયમાં સુધારો અને વ્યવસાય કરવાની સરળતા (ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ) દ્વારા સંચાલિત છે. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય બંદર-સંચાલિત વિકાસ, લોજિસ્ટિક્સ સંકલન અને ટકાઉપણું પર કેન્દ્રિત એક વ્યાપક દરિયાઈ વ્યૂહરચના આગળ વધારવાનું ચાલુ રાખે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬માં આ વિક્રમી કામગીરી વધતા જતા વ્યાપારિક વિશ્વાસ અને કામગીરીની કાર્યક્ષમતા (operaional efficiency) તથા ક્ષમતાના ઉપયોગ (capacity utilization) ને વધારવાના ઉદ્દેશ્યવાળા નીતિગત પગલાંની અસરકારકતાને પ્રતિબિંબિત કરે છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વિશ્વ સંવાદ કેન્દ્ર, ગુજરાત દ્વારા આયોજિત સપ્તરંગ ક્રિએટર્સ ફેસ્ટ-૨૦૨૬ યોજાયો



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વિશ્વ સંવાદ કેન્દ્ર, ગુજરાત દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે "સપ્તરંગ ક્રિએટર્સ ફેસ્ટ–૨૦૨૬"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સર્જનાત્મક કાર્ય કરનાર કન્ટેન્ટ ક્રિએટરોને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આજના ડિજિટલ યુગમાં કન્ટેન્ટ ક્રિએટરો સમાજમાં સર્જનાત્મકતાની શક્તિ દ્વારા નવી વિચારધારા અને સકારાત્મક સંદેશો સમાજ સુધી પહોંચાડે છે. તેમણે જણાવ્યું કે આ પ્રકારના કાર્યક્રમો માત્ર એક ઈવેન્ટ નથી, પરંતુ વિશ્વ નેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી ડિજિટલ યુગની ક્રાંતિનું પરિણામ છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૨ વર્ષમાં દેશે ડેટા રિવોલ્યુશનનો અનુભવ કર્યો છે. સોશિયલ મીડિયા આજે રમતગમત, સંસ્કૃતિ અને સમાજજીવન સાથે જોડાઈને વિશ્વ સાથે સંવાદ સ્થાપિત કરી રહ્યું છે. યુટ્યુબ અને ઈન્સ્ટાગ્રામ જેવા માધ્યમો દ્વારા સર્જનાત્મકતા વૈશ્વિક સ્તરે પહોંચે છે. તેમણે કન્ટેન્ટ ક્રિએટરોને અપીલ કરી કે તેમના સર્જનમાં સમાજહિત અને "રાષ્ટ્ર પ્રથમ"નો અભિગમ હોવો જોઈએ. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે કન્ટેન્ટ ક્રિએટરો આજના યુગમાં "વન મેન આર્મી" સમાન છે. તેમની રચનાત્મકતા નવા વિચારોને પ્રોત્સાહન આપે છે અને સ્થાનિક ભાષા તથા સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે લઈ જવાની શક્તિ ધરાવે છે. "વોકલ ફોર લોકલ" અભિયાનને મજબૂત બનાવવામાં પણ કન્ટેન્ટ ક્રિએટરો બ્રાન્ડ એમ્બેસેડર બની શકે છે. સરકારે કન્ટેન્ટ કલ્ચર અને ઓરેન્જ ઈકોનોમીને પ્રોત્સાહન આપવા માટે ટેલેન્ટ ડેવલપમેન્ટ માટે રૂ. ૨૫૦ કરોડની જોગવાઈ કરી છે. મુખ્યમંત્રીશ્રીએ સૌને ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણ માટે "વિકસિત ગુજરાત"ના સંકલ્પને સાકાર બનાવવા સહભાગી થવા આહ્વાન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીના હસ્તે જાણીતા અભિનેતા હિતેન કુમાર, પ્રફુલ કેતકર, પ્રફુલ ગર્ગ, મીનાક્ષી શેરાવત, નિખિલ ચંદવાણી, કુશલ મિસ્ત્રી, વિશાલ પારેખ, માહી પટેલ, કુલદીપસિંહ ક્લેર, શિવાની શુક્લ, આર.જે. હર્ષિલ, મંગેશ પ્રજાપતિ અને જય ગજેરા સહિતના સર્જકોનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત સ્ટાર અને રાઈઝિંગ કન્ટેન્ટ ક્રિએટર્સને પણ એવોર્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ શ્રી સુનિલ આંબેડકરજી, પ્રાંત પ્રચાર પ્રમુખ શ્રી તેજસ પટેલ સહિત અનેક અગ્રણીઓ અને કન્ટેન્ટ ક્રિએટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# સી.એમ. પટેલ કોલેજઓફ નર્સિગ દ્વારાબે દિવસીય પાંચમી NURSING-NEXUS-2026 રાષ્ટ્રીય પરિષદ યોજાઈ





કમલમ્,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડી ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા બે દિવસીય પાંચમી NURSING-NEXUS-2026 નેશનલ કોન્ફરન્શ "Bridging Health Gaps: Nursing for Inclusive and Sustainable Development" વિષય ઉપર ૦૧ એપ્રિલ, ૨૦૨૬ થી ૦૨ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ એમ પટેલ સરની પ્રેરણા અને દીર્ઘ દ્દષ્ટિથી યોજાઈ. આ કોન્ફરન્સ "Bridging Health Gaps: Nursing for Inclusive and Sustainable Development" વિષયપર આધારિત રહેશે. કોન્ફરન્સ તા. ૦૧ એપ્રિલ, ૨૦૨૬ થી ૦૨ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન યોજાશે. આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ આરોગ્ય ક્ષેત્રમાં રહેલી ખામીઓને દૂર કરવા, સમાન અને સર્વસમાવેશક આરોગ્ય સેવાઓને પ્રોત્સાહન આપવા તેમજ નર્સિંગ ક્ષેત્રની ભૂમિકા મજબૂત બનાવવાનો છે. દેશભરના પ્રખ્યાત નિષ્ણાતો, શિક્ષણવિદો, સંશોધકો અને નર્સિંગ પ્રોફેશનલ્સના અધ્યાપકો, ડોક્ટરર્સએ આ કોન્ફરન્સમાં ભાગ લીધો અને વિવિધ વિષયો પર વ્યાખ્યાનો, પેપર પ્રેઝન્ટેશન અને ચર્ચા સત્રો યોજાયા હતા. આ પાંચમી નેશનલ કોન્ફરન્સના ઉદઘાટનમાં મુખ્ય મહેમાન તરીકે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ઈન્ચાર્જ ડાયરેકટર ડો.ગાર્ગી રાજપરા, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના વા.પ્રેસિડેન્ટ.આઈ કે.કડીવાલા. ડેલ્ટાહેલ્થકેરના ફાઉન્ડર અને સી.ઈ.ઓ. શ્રી જવલંત બટાવિયા. જી.આઈ.એન.ઈ.આર.એ. અમદાવાદના. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ. ડો.હિરલ શાહ,તથા સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ, ડો.રાજેશ રાવલ, સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ, પટેલ, વાઈસ પ્રિન્સિપાલ પ્રો ભાવિષા પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.વિધાર્થીઓ દવારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ, અને કન્વીનર ડો.રાજેશ રાવલે સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી અને વા.પ્રિ.ભાવીષા પટેલ દ્વારા કોન્ફરન્સ રિપોર્ટ તથા આભાર વિધિ કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પરિષદને સફળ બનાવવામાં, તમામ કમિટીના અધ્યાપકો અને વોલેન્ટીયર્સ વિધાર્થીઓએ ખુબ જ જહેમત ઊઠાવી છે. નર્સિંગ ક્ષેત્રે વિધાર્થીઓ સક્ષમ બને એવા ઉદેશ સાથે કડી સર્વ વિશ્વ વિદ્યાલય કર ભલા હોગા ભલા સૂત્રને સાર્થક કરી રહી છે.

# અનેક ત્યાગી–તપસ્વીઓના અર્પણ,તર્પણ અને સમર્પણની ભાવનાઓ સાથે તપ, ત્યાગ અને બલિદાનોના સંસ્કારોથી સીંચાયેલ ભારતીય જનતા પાર્ટી આજે વટવૃક્ષ બની છે

**ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસે આપણે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચારધારાથી □દયપૂર્વક રંગાઈ જઈને ખરા અર્થમાં 'કમળક્રાંતિ' માટે હરહંમેશ આપણી જાતને અને અન્યને તૈયાર કરતા રહીએ અને આપણા 'કર્તૃત્વ'ને સાચા અર્થમાં સાકાર કરી રાષ્ટ્રસાધનામાં જીવનને 'સાર્થક' કરીએ : ઉદય કાનગડ**



### ઉદય કાનગડ

- આજે ભારતીય જનતા પાર્ટી વિકાસ અને વિશ્વાસનો પર્યાય બની ચુકી છે અને દેશની વિકાસ યાત્રામાં મુખ્ય સેવક તરીકે તેની ભુમિકા ભજવી રહી છે.
- સૌનો સાથ,સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ' સૂત્ર એ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ૫૦ વર્ષની વિચાર કાર્યપદ્ધતિની એકસૂત્રતાની સાધના છે.
- દેશહિત– જનહિત માટેના દિશાદર્શન સાથેની એક લાંબી તપસ્યા છે.

કમલમ્,

વિધાનસભા–૬૮, રાજકોટ (પૂર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડએ આજે તા. ૬ એપ્રીલ, ભારતીય જનતાપાર્ટીના સ્થાપના દિવસ એ પાર્ટીના તમામ કાર્યકર્તાઓને ભાજપના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવતા જણાવેલ કે ૬ઠ્ઠી એપ્રીલ, ૧૯૮૦ના રોજ મુંબઈના સમતાનગર ખાતે સ્થાપાયેલી ભારતીય જનતા પાર્ટી આજે વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે ત્યારે તેના પાયામાં સંઘ અને જનસંઘની વિચારધારા અને તેની અર્પણ,તર્પણ અને સમર્પણની ભાવનાઓ સાથે તપ, ત્યાગ અને બલિદાનોના સંસ્કારોથી સીંચાયેલ ભારતીય જનતા પાર્ટી આજે વૃક્ષમાંથી વટવૃક્ષ બની છે. તા.૬ઠ્ઠી એપ્રિલ એટલે કે લગભગ સાડા ચાર દાયકાથી પણ વધુ સમયથી શરૂ થયેલ રાષ્ટ્રવાદ અને વિકાસની રાજનીતિ ધરાવતી ભારતીય જનતા પાર્ટીનો ઉદય અને ઈતિહાસ અત્યંત રસપ્રદ છે. શ્યામા પ્રસાદ મુખર્જીએ ૧૯૫૧માં જનસંઘની સ્થાપની કરી હતી. ૧૯૭૭માં અનેક નાની પાર્ટીઓ ભેગી કરીને જનસંઘનો જનતા પાર્ટીમાં વિલય કરવામાં આવ્યો. આ એ સમયગાળો હતો જયારે ભારતમાં તત્કાલિક વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કટોકટી લગાવી લોકોનો વિરોધ વ્હોરી લીધો હતો. ત્યારબાદ જનતા પાર્ટીનો સંઘ પણ લાંબી યાત્રા ન ખેડી શકયો અને ૧૯૮૦માં શ્રધ્ધેય અટલ બિહારી બાજપેયીના નેતૃત્વમાં કેટલાક જૂના જોગીઓએ મળીને ભારતીય જનતા પાર્ટીની સ્થાપના કરી. ૧૯૮૦ના રોજ મુંબઈના સમતાનગર કિનારા ખાતે અટલબીહારી બાજપાયીજીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની પંચનિષ્ઠાના આધાર ઉપર સ્થાપના કરવામાં આવી અને ભારતીય જનતા પાર્ટીના પ્રથમ અધ્યક્ષ અટલબીહારી બાજપાયીજી બન્યા હતા ત્યારે પોતાના પ્રથમ પ્રવચનમાં અટલજી બોલ્યા હતા કે ' મે જાનતા હું કી ભાજપા કા અધ્યક્ષાપદ કોઈ અલંકાર કી વસ્તુ નહી હૈ, યે પદ નહી દાયિત્વ હૈ, પ્રતિષ્ઠા નહી હૈ, પરીક્ષા હૈ, સમ્માન નહી, ચુનૌતી હૈ, મુજે ભરોસા હૈ કી આપકે સહયોગ સે દેશકીજનતા કેસમર્થન સેમે ઈસ જીમ્મેદારી કો ઠીક તરહ સે નીભા શકુંગા' અને ત્યારબાદ ૧૯૮૦માં વિધાનસભાની ચૂંટણીમાં ૯ ધારાસભ્યો ભાજપના ચૂંટાયા. ૧૯૮૧માં મહેસાણા જિલ્લા પંચાયત જિત્યા, ૧૯૮૪માં લોકસભામાં દેશમાંથી ૨ સંસદસભ્યો ભાજપમાં ચૂંટાયા હતા જેમાંથી ગુજરાતના મહેસાણામાંથી ડો. એ.કે. પટેલ અને આંધ્રમાંથી જંગા રેડી ચુટાયા હતા.અને ત્યારથી ગુજરાતમાં ભાજપની વિકાસ યાત્રા સતત આગેકદમ કરી રહી હતી. અને ૧૯૯૫ થી લાગલગાટ અત્યાર સુધી એટલે કે છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી પ્રજાકલ્યાણકારી શાસન ચલાવી રહી છે. ૨૦૦૪ થી ૨૦૧૪ ના દયકામાં કોંગ્રેસના નેતૃત્વમાં દેશમાં ભ્રષ્ટાચાર અને કૌભાંડોએ માઝા મુકી તેનું પરિણામ એ આવ્યું કે ૨૦૧૪માં નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહના સબળ નેતૃત્વને કારણે ભારતીય જનતા પાર્ટીને દેશની જનતાએ ૨૮૨ બેઠકોની ઐતિહાસિક બહુમતી આપી. કોંગ્રેસ પછી જો કોઈ એક પાર્ટીને લોકસભામાં સંપૂર્ણ બહુમતી મળી હોય તેવી ઘટના રાજકીય ઈતિહાસમાં ૨૦૧૪માં પહેલીવાર બની હતી. ભાજપના રાજકીય ઈતિહાસનું સર્વોચ્ચ શિખર હતું. આમ લોકશાહીના ગર્ભમાંથી જન્મેલ ભારતીય જનતા પાર્ટી આજે કળીમાંથી વટવૃક્ષ બની ચૂકી છે.ભારતીય જનતા પાર્ટી દેશની લોકશાહીને મજબૂત કરવાની સાથોસાથ સમર્પણ સાથે દેશહિત માટે કામ કરી કરી રહી છે. આજે ભારતીય જનતા પાર્ટી વિકાસ અને વિશ્વાસનો પર્યાય બની ચુકી છે.નવા વિચારોનો પર્યાય છે અને દેશની વિજય યાત્રામાં મુખ્ય સેવક તરીકે તેની ભુમિકા ભજવી રહી છે ત્યારે 'સૌનો સાથ,સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ' એ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ૫૦ વર્ષની વિચાર કાર્યપધ્ધતિની એકસૂત્રતાની સાધના છે. દેશહિત– જનહિત માટેના દિશાદર્શન સાથેની એક લાંબી તપસ્યા છે. ત્યારે જનસંઘના સ્થાપક ડો.શ્યામાપ્રસાદ મુખર્જી અને પંડીત દીનદયાલ ઉપાધ્યાયથી શરૂ કરી ભાજપના પ્રથમ અધ્યક્ષ અટલબીહારી બાજપાયીજી જેવા અનેકાનેક ત્યાગી, તપસ્વી, પ્રતાપી અને પરાક્રમી પુર્વજોએ ગુજરાત અને દેશ માટે પોતાની જાતને સમર્પણ કરી અનેક યાતનાઓ ભોગવી અવિરત સંઘર્ષ અને અનેક આંદોલનો ધ્વારા અગીયાર કાર્યકર્તાથી સ્થાપના કરવામાં આવેલી ભારતીય જનતા પાર્ટી આજે નરેન્દ્રભાઈ મોદી, અમિતભાઈ શાહ અને આપણા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતીન નબીનના નેતૃત્વમાં ૧૭ કરોડ થી વધુ સભ્યો સાથે વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે, અને ગુજરાતમાં ડબલ એન્જીનવાળી સરકરના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ રાજયમાં વિકાસ હરણફાળ ભરી રહયો છે, કેન્દ્ર અને રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે સક્ષમ નેતૃત્વ પુરૂ પાડેલ છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના આપણે કાર્યકર્તા છીએ, તેનું આપણને ગૌરવ છે. દેશના યશસ્વી પ્રધાનસેવક શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા બાર વર્ષોમાં દેશે આજે દરેક ક્ષેત્રમાં જે ઉંચાઈઓ હાંસલ કરી છે તેણે દરેક દેશવાસીઓને એક મોટા સંકલ્પ સાથે જોડયા છે. 'વિકસિત ભારત' ના વિઝન સાથે આપણા પ્રધાનમંત્રીશ્રી 'નયા ભારત' ની પરિકલ્પના પૂર્ણ કરવા કટીબધ્ધ છે, આજે ભારતીય જનતા પાર્ટી યુવાશકિત, મહિલા શકિત, ગરીબ, ખેડૂત શકિતને વિકસિત ભારતનું નિર્માણ કરવાની શકિત બનાવી રહી છે. કેન્દ્ર અને રાજયમાં ભારતીય જનતા પાર્ટીનાશાસનમાં વિવિધ વિકાસ કાર્યો હાથ ધરાયા.નગરો સુવિધાઓ ધરાવતા થયાં, નર્મદાના પાણી પણ પહોંચ્યા, પાકા રસ્તાઓની સાથે પેવર બ્લોક પણ લાગ્યા, વિકાસ,સ્વચ્છતા અને શહેરની વિશેષતા ધરાવતાં સુંદર કામો થયાં અને આપણા ગામડાં–નગરો–મહાનગરો ખરા અર્થમાં સુવિધાસભર અને રહેવાલાયક બન્યાં. આમ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દેશમાં અને રાજયમાં આરંભાયેલી વિકાસગંગામાં આપણા નગરનુ પ્રયાગરાજ બનાવવા એક થઈ મહાકુંભ સ્વરૂપે નાગરિકોની શ્રધ્ધા અને લાગણી જીતવા સૌ કટિબધ્ધ બનીએ અને હકારાત્મકતા અને વિકાસની સંકલ્પના સાથે સૌને સાથે લઈને આગળ વધીએ. આમ મજબૂત નેતૃત્વ, પારદર્શક સુશાસન અને વહીવટી કુશળતાની સાથે દેશના મધ્યમવર્ગીય વિકાસપ્રેમી નાગરિકો માટે હદયથી કંઈક કરી છુટવાની ભાવનાને પરિણામે દેશનો અને ગુજરાતનો વિકાસ રથ પૂરપાટ ગતિએ આગળ વધી રહયો છે. સાથોસાથ ભારતીય જનતા પાર્ટીનો કર્મનિષ્ઠ કાર્યકર્તા પાર્ટીની પંચનિષ્ઠા એટલે કે સાંસ્કૃતીક રાષ્ટ્રવાદ, સામાજીક સમરસતા, લોકતંત્રામાં અતૂટ વિશ્વાસ, સર્વધર્મ સમભાવ અને મૂલ્ય આધારીત રાજનિતીને લક્ષ માં રાખી લોકોની વચ્ચે કાર્યરત છે ત્યારે આ વિકાસ યાત્રામાં વિચાર અને સંસ્કારથી ઘડાયેલો સ્વયંસેવક કે કાર્યકર્તા પોતે જ પક્ષના પિંડ સાથે જોડાઈ જતો હોય ત્યારે પાર્ટી અને વ્યકિત વચ્ચે કોઈ ભિન્નતા રહેતી જ નથી.ભગવા રંગે રંગાઈ ગયેલું હદય પોતે જ દરેક બાબતમાં રાષ્ટ્રભકિતનો ધબકાર પ્રગટ કરતું જ રહેતું હોય છે. ત્યારે આજે ભારતીય જનતા પાર્ટીના સ્થાપનાદિવસે આપણે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચારધારાથી હદયપૂર્વક રંગાઈ જઈને ખરા અર્થમાં 'કમળક્રાંતિ' માટે હરહંમેશ આપણી જાતને અને અન્યને તૈયાર કરતા રહીએ અને આપણા 'કર્તૃત્વ'ને સાચા અર્થમાં સાકાર કરી રાષ્ટ્રસાધનામાં જીવનને 'સાર્થક' કરીએ.તેમ સૌ કાર્યકર્તાના માધ્યમથી ભારતીય જનતા પાર્ટી આગામી સમયમાં વટવૃક્ષ બને તેવી ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવતા અંતમાં ઉદય કાનગડએ જણાવેલ હતું.



# રાયસેનમાં ઉન્નાત કૃષિ મહોત્સવમાં ખેડૂતોને વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન મળશે: શ્રી શિવરાજસિંહ ચૌહાણ

## કૃષિ મેળા દ્વારા, પરાળને 'વેસ્ટ ટુ વેલ્થ' (કચરામાંથી કંચન) માં ફેરવવામાં આવશે – વેસ્ટ ટુ વેલ્થનો વૈજ્ઞાનિક માર્ગઃ શ્રી શિવરાજ સિંહ

કમલમ્,

રાયસેનમાં 'ઉન્નત કૃષિ મહોત્સવ ૨૦૨૬ – પ્રદર્શન અને તાલીમ' ખેડૂતોને દેશના પ્રતિષ્ઠિત કૃષિ વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન પૂરું પાડશે, જ્યારે પરાળને 'વેસ્ટ ટુ વેલ્થ' માં ફેરવવાની ટેકનોલોજી અને ત્રણ દિવસીય સતત તાલીમ કાર્યક્રમ ખેડૂતોની ખેતીને નવા સ્તરે લઈ જશે. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે રાયસેનના દશેરા મેદાનમાં યોજાનારા આ મહોત્સવ દરમિયાન ચાર સ્થળોએ — સેમિનાર હોલ ૧, સેમિનાર હોલ ૨, સેમિનાર હોલ ૩ અને મુખ્ય હોલ — તમામ ત્રણ દિવસ માટે વિષય-આધારિત સત્રો યોજવામાં આવશે, જેમાં પાક વ્યવસ્થાપનથી લઈને બજાર અને આધુનિક ટેકનોલોજી સુધીની સમગ્ર શૃંખલાને આવરી લેવામાં આવશે.

''વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન, ઉન્નત ખેતીની ઝલક – ત્રણ દિવસીય જ્ઞાન મહાકુંભ''

તેમણે સમજાવ્યું કે પ્રથમ દિવસે, ૧૧ એપ્રિલે, બપોરના સત્રોમાં લણણી પછીનું વ્યવસ્થાપન (post-harvest management) અને ઉન્નત ખેતી માટે એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (AIF) નો ઉપયોગ, ડિજિટલ ખેતી અને આર્ટિફિશિયલ-ઈન્ટેલિજન્સ-આધારિત ઉકેલો, મધમાખી ઉછેર દ્વારા ખેતીની આવકમાં વધારો અને ખેતીને પ્રગતિશીલ બનાવવામાં યાંત્રીકીકરણની ભૂમિકા જેવા વિષયો આવરી લેવામાં આવશે. આ ઉપરાંત, કઠોળમાં ઉત્પાદકતામાં વધારો અને વિસ્તાર વિસ્તરણ, પ્રાકૃતિક ખેતી, બાગાયતી પાકોનું વિસ્તરણ અને 'વેસ્ટ-ટુ-વેલ્થ' (કચરામાંથી કંચન) ના ખ્યાલ હેઠળ પરાળ વ્યવસ્થાપન પર સત્રો યોજવામાં આવશે, સાથે ખેડૂતોને વ્યવહારુ સંદેશાઓ પહોંચાડવા માટેશેરી નાટકો પણ યોજાશે. બીજા દિવસે, ૧૨ એપ્રિલે, સવારે FPO મીટ (ખેડૂત ઉત્પાદક સંગઠન બેઠક), જમીન સ્વાસ્થ્ય દ્વારા હરિયાળી અને સુરક્ષિત ખેતી પર ચર્ચા, આબોહવા-સ્માર્ટ અને ટકાઉ ખેતી પદ્ધતિ તરીકે સુરક્ષિત ખેતી (polyhouse-shade-n[a]), પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) પર જાગૃતિ અને સંવાદ વર્કશોપ અને વિશેષ શેરી નાટકોનું આયોજન કરવામાં આવશે. બપોરે અને સાંજે, સંકલિત ખેતી પ્રણાલી (integ®aed farming systems), સંકલિત પોષક તત્વોનું વ્યવસ્થાપન, ફૂલો અને શાકભાજીની વૈજ્ઞાનિક ખેતી, સંકલિત જંતુ વ્યવસ્થાપન (IPM) અને જૈવ-જંતુનાશકોનો ઉપયોગ, નર્સરી મેનેજમેન્ટ અને ગુણવત્તાયુક્ત રોપણીસામગ્રીનું ઉત્પાદન, સૂક્ષ્મ સિંચાઈ અને ફર્ટિગેશન, હાઈડ્રોપોનિક્સ, પ્રિસિઝન ફાર્મિંગ અને વર્ટિકલ ફાર્મિંગ પર કેન્દ્રિત સત્રો યોજાશે. ત્રીજા દિવસે, ૧૩ એપ્રિલે, સવારે ક્ષ્ફક્ષ (કૃષિ વિજ્ઞાન કેન્દ્ર) મીટ, ડાંગરના બીજમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે સિસ્ટમ-આધારિત અભિગમ, મત્સ્ય પાલન અને મોતીની ખેતી, કૃષિ ધિરાણ અને કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) પર ચર્ચા કરવામાં આવશે. બપોરના સત્રોમાં, મધ્યપ્રદેશમાં આબોહવા-આધારિત ડેરી વિકાસ અને પશુપાલન, ચોખાનું સીધું વાવેતર (direct seeding of rice), મરઘા પાલન અને બકરી પાલનદ્વારા આવકનું વૈવિધ્યકરણ અને આબોહવા-સંતુલિત અને ટકાઉ ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે "ધરતી બચાવો" થીમ પર શેરી નાટકનું આયોજન કરવામાં આવશે.

"પરાળથી 'વેસ્ટ ટુ વેલ્થ' સુધી – વેસ્ટ-ટુ-વેલ્થનો વૈજ્ઞાનિક માર્ગ"

શ્રી શિવરાજ સિંહે જણાવ્યું હતું કે મહોત્સવમાં પરાળ વ્યવસ્થાપન પર વિશેષ ભાર મૂકવામાં આવશે, જ્યાં વેસ્ટ-ટુ-વેલ્થ મોડલ્સ દ્વારા 'કચરામાંથી કંચન' નો ખ્યાલ રજૂ કરવામાં આવશે, જે ખેડૂતોને પરાળ અને કૃષિ કચરાને બાળવાને બદલે ખાતર, ઉર્જા અને આવકના વધારાના સ્રોતમાં ફેરવવા સક્ષમ બનાવશે. પરાળ વ્યવસ્થાપન પરના ટેકનિકલ સત્રોની સાથે, શેરી નાટકો દ્વારા પરાળ સળગાવવાથી થતા પર્યાવરણીય નુકસાન અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપનના આર્થિક ફાયદાઓ સરળ અને સુલભ ભાષામાં સ્પષ્ટપણે સમજાવવામાં આવશે. કૃષિ મંત્રાલય અને ઝ્છઈ એ પરાળ વ્યવસ્થાપન, પાક વીમો, જંતુનાશકોનો સુરક્ષિત ઉપયોગ, પ્રાકૃતિક ખેતી અને 'ધરતી બચાવો' અભિયાન પરના શેરી નાટકોની સ્ક્રિપ્ટ સંસ્કૃતિ વિભાગ સાથે શેર કરી છે, જે મેળા દરમિયાન વિવિધ સ્થળોએ આ નાટ્ય પ્રદર્શન રજૂ કરશે. આ પ્રસ્તુતિઓનો ઉદ્દેશ્ય તકનીકી સંદેશાઓને ખેડૂતોની રોજિંદી ભાષામાં અનુવાદિત કરવાનો અને કાયમી વર્તણૂકલક્ષી પરિવર્તનને પ્રેરિત કરવાનો છે. "ICAR સોઈલ ટેસ્ટિંગ, ડ્રોન, હાઈડ્રોપોનિક્સ અને ઈન્ટિગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ્સના લાઈવ મોડલ" કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહના જણાવ્યા અનુસાર, મેળા દરમિયાન ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR) "વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન, ઉન્નત ખેતીની ઝલક" ના ખ્યાલને જમીન પર ઉતારશે. ખેડૂતો દ્વારા લાવવામાં આવેલા જમીનના નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવશે અને સોઈલ-હેલ્થ રિપોર્ટ (જમીન સ્વાસ્થ્ય અહેવાલ) આપવામાં આવશે, જે તેમને ખેતરના સ્તરે યોગ્ય પાક અને પોષક તત્વોના સંચાલનનું આયોજન કરવા સક્ષમ બનાવશે. આ ઉપરાંત, કલમ બનાવવી (grafting), અદ્યતન નર્સરી મેનેજમેન્ટ, હાઈડ્રોપોનિક્સ, હાઈ-ટેક બાગાયત અને સંકલિત ખેતી પ્રણાલીના લાઈવ મોડલનું પ્રદર્શન કરવામાં આવશે જેથી ખેડૂતો આ ટેકનોલોજીને જોઈ શકે, સમજી શકે અને પોતાના ખેતરોમાં અપનાવી શકે. ડ્રોન ટેકનોલોજી અને નેનો-ફર્ટિલાઈઝર એપ્લિકેશનનું પ્રદર્શન પણ આયોજિત કરવામાં આવશે, જે ખેડૂતોને ચોકસાઈપૂર્વક અને ઓછા ખર્ચે ખાતર વ્યવસ્થાપનના વિકલ્પોની સ્પષ્ટ ઝલક આપશે. વિવિધ રાજ્યોના પ્રગતિશીલ ખેડૂતો અને વૈજ્ઞાનિકો દ્વારા અનુભવ વહેંચવાના સત્રો સફળ પ્રયોગો, નવીનતાઓ અને બજાર જોડાણોના વ્યવહારુ ઉદાહરણો પ્રદર્શિત કરશે, જે ખેડૂતોને તેમની ખેતી પદ્ધતિઓમાં નવા ફેરફારો શરૂ કરવા પ્રોત્સાહિત કરશે. કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે આ ત્રણ દિવસીય મોટા પાયાનો કાર્યક્રમ ખેડૂતોના જીવનને બદલવાના વિઝનને વાસ્તવિકતામાં અનુવાદિત કરશે અને ખેડૂતોનું ભાગ્ય બદલવા માટેની સૌથી મોટી તક સાબિત થશે. તેમણે ખેડૂતોને મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી કરી હતી.



કમલમ્,

**સંતરામપુર તાલુકાના કુંડા ( મહાદેવ ફળીયા )ખાતે ગુજરાત પ્રદેશ ST મોરચાના મંત્રીશ્રી પ્રો. ડો.સંજયભાઈ બાબુભાઈ પારગી ના નિવાસસ્થાને આયોજિત વાસ્તુ પૂજન - ચાંદલા વિધીના શુભ પ્રસંગે ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર સહભાગી થઈ શુભકામનાઓ સહ અભિનંદન પાઠવ્યા.**



કમલમ્,

**સંતરામપુર નગર ખાતે માનવતા અને રાષ્ટ્રવાદના સમન્વય સાથે નેશન ફર્સ્ટની મૂળ ભાવના અને ઉત્તમ લોકતાંત્રિક મૂલ્યો સાથે જોડાયેલ વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષ ભાજપના ૪૭મા સ્થાપના દિવસ નિમિતે સંતરામપુર સ્થિત નિવાસસ્થાન તેમજ જિલ્લા પ્રમુખશ્રી દશરથસિંહ બારીયા જિલ્લા મંત્રીશ્રી સંદીપભાઈ ભોઈ અને સિનિયર કાર્યકર્તાઓ, આગેવાનો ના નિવાસ સ્થાને ગૌરવપૂર્વક પક્ષનો ધ્વજ ધારાસભ્યશ્રી ડો કુબેરભાઈ ડીંડોરે પાર્ટીના પદાધિકારી, હોદ્દેદારો, કાર્યકર્તાઓ સાથે લહેરાવીને ઉજવણી કરી.**

# તાપી એજ્યુકેશન એકેડમી સંચાલિત પી. પી.સવાણી વિદ્યામંદિરમાં CBSC સ્કૂલમાં નવાં શૈક્ષણિક વર્ષની શરૂઆત નિમિત્તે વિદ્યાર્થીઓનો ઢોલ નગારા સાથે સ્વાગત

કમલમ્,

તારીખ ૬-૪ -૨૦૨૬ ના રોજ તાપી એજ્યુકેશન એકેડેમી સંચાલિત પી. પી. સવાણી વિદ્યામંદિરમાં નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત ખૂબ જ ઉત્સાહભેર કરવામાં આવી. પ્રથમ દિવસે સ્કૂલમાં આવતા વિદ્યાર્થીઓનું ઢોલ નગારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના પ્રવેશ દ્વાર પર શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓનેતિલક લગાવી અને ફૂલોથી આવકારવામાં આવ્યા હતા. ઢોલોના તાલ સાથે સમગ્ર પરિસર ખુશીના માહોલ થી ગુંજી ઉઠ્યું હતું.નાના વિદ્યાર્થીઓનું ખાસ ટેડીબેર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું તે બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ પ્રસંગે Indian Aviation માંથી નિવૃત અધિકારી એ.ડી.માણેક સાહેબ



અને ચંદ્રકાન્ત ગામીત સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ઉત્તમ શ્રેષ્ઠ જવાબદારી અને દેશ સેવાની ભાવના અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. તો સાથે જ શાળાના આચાયશ્રીઓ દ્વારા તમામ વિદ્યાર્થીઓની જીવનમાં એક સ્પષ્ટ goal નક્કી કરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીઓએ પોતાના સપનાઓ અને જીવનના ધ્યેયને કાગળ પર લખી સરસ્વતી માતાના ચરણોમાં અર્પણ કર્યા અને આશીર્વાદ સાથે એક નવી શરૂઆત કરી.

# સ્પેક, એસ.પી.આઈ.એ.એસ. બાકરોલ દ્વારા વાર્ષિકોત્સવ ધરોહર ૨૦૨૬ નું આયોજન કરાયું



કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (SPEC) સ્થિત સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાયડ સાયન્સ, બાકરોલ ખાતે વાર્ષિકોત્સવ 'ધરોહર ૨૦૨૬' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષને પ્રોત્સાહન આપવો, તેમની સિદ્ધિઓને માન્યતા આપવાનો અને તેમના સર્વાંગી વિકાસ માટે પ્રેરણા પૂરી પાડવાનો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. મેહુલકુમાર પટેલ (હેડ & એસોસિએટ પ્રોફેસર , સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન અને મેનેજમેન્ટ ,બાકરોલ), કાર્તિક પટેલ (હેડ & આસિસ્ટન્ટ પ્રોફેસર , શ્રી પી.એમ .પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સાયન્સ ४ ટેક્નોલોજી ,આણંદ) અને પ્રો.વાસુ ઠક્કર (ડીપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ, સરદાર પટેલ યુનિવર્સિટી, વી.વી. નગર)ઉપસ્થિત રહ્યાં હતાં.

તેમના પ્રેરણાદાયક સંબોધનમાં તેમણે વિદ્યાર્થીઓને મહેનત, શિસ્ત અને લગન સાથે આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે ખાસ કરીને જણાવ્યું કે સફળતા મેળવવા માટે સતત પ્રયત્ન અને સકારાત્મક દ્રષ્ટિકોણ અત્યંત મહત્વપૂર્ણ છે. આ પ્રસંગે શૈક્ષણિક તેમજ સહ-પાઠ્યક્રમ પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા, જે વિદ્યાર્થીઓ માટે ગૌરવ અને પ્રેરણાનો વિષય બન્યા હતા. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાયશ્રી ડૉ. મુકુંદચંદ્ર ઠાકુર (આચાર્ય), આઈ.ક્યૂ.એ.સી. (IQAC) કૉ–ઓર્ડિનેટર નમ્રતા જોષી તથા સરદાર પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ એપ્લાયડ સાયન્સ સ્ટાફના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# સુરત મહાનગર દ્વારા "ઘર ઘર મહાસંપર્ક" અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો





કમલમ્,

તા ૦૬ એપ્રિલ , ૧૯૮૦ ના રોજ મુંબઈ મહાનગરે ભારતીય જનતા પાર્ટીની સ્થાપના કરવામાં આવી હતી ત્યારથી દર વર્ષે ભારતીય જનતા પાર્ટી દ્વારા ૦૬ એપ્રિલના રોજ ભારતીય જનતા પાર્ટી સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવે છે. ઉપરોક્ત સંદર્ભે તથા આવનારા દિવસોમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખી ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગર દ્વારા સમગ્ર સુરત મહાનગરમાં " ઘર ઘર મહા સંપર્ક " અભિયાન આદરવામાં આવ્યું હતું. આ " ઘર ઘર મહા સંપર્ક " અભિયાનમાં સાંસદશ્રીઓ , ધારાસભ્યશ્રીઓ , ચૂંટાયેલા જન પ્રતિનિધિશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા.

# નવી દિલ્હીમાં મેડિટેશન માસ્ટર્સના ગ્લોબલ કોન્ફરન્સમાં બોલતા ઉપરાષ્ટ્રપતિ શ્રી સી.પી. રાધાકૃષ્ણને ધ્યાનને આંતરિક શાંતિ અને સ્પષ્ટતાનો માર્ગ ગણાવ્યો

## ધ્યાન એ આંતરિક પરિવર્તનનું પ્રારંભિક બિંદુ છે: ઉપરાષ્ટ્રપતિ









કમલમ્,

ઉપરાષ્ટ્રપતિ શ્રી સી.પી. રાધાકૃષ્ણને ભારત મંડપમ ખાતે "ધ્યાન નેતાઓના વૈશ્વિક સંમેલન - સર્વાંગી જીવન અને શાંતિપૂર્ણ વિશ્વ માટે ધ્યાન"ને સંબોધિત કર્યું હતું. આ સંમેલનનું આયોજનપિરામિડસ્પિરિચ્યુઅલ સોસાયટીઝ મૂવમેન્ટ અને બુદ્ધ-સીઈઓ ક્વોન્ટમ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. આયોજકો, વક્તાઓ, ધ્યાન ગુરુઓ અને સહભાગીઓને અભિનંદનઆપતાઉપરાષ્ટ્રપતિએ ધ્યાનને એક સર્વાંગી જીવનશૈલી અને વૈશ્વિક શાંતિના માર્ગ તરીકે પ્રોત્સાહન આપવા માટેના તેમના સમર્પણની પ્રશંસા કરી હતી. આદરણીય તમિલ સંત તિરુમુલરના ઉપદેશોને યાદ કરતાં, શ્રી સી.પી. રાધાકૃષ્ણને ભાર મૂક્યો કે ધ્યાન એ આંતરિક દીવો પ્રગટાવવા જેવું છે જે અજ્ઞાનતાને દૂર કરે છે અને સત્ય અને શાંતિ તરફ દોરી જાય છે. તેમણે નોંધ્યું કે તિરુમુલરે માનવ શરીરને મંદિર અને ધ્યાનને અંદરના દિવ્યતાનો અનુભવ કરવાના માધ્યમ તરીકે વર્ણવ્યું હતું. આજે દુનિયા અનેક પડકારોનો સામનો કરી રહી છે તે નોંધીને તેમણે ટિપ્પણી કરી કે સંઘર્ષો ફક્ત બાહ્ય જ નહીં પરંતુ વ્યક્તિઓની અંદર પણ અસ્તિત્વ ધરાવે છે. આ સંદર્ભમાં, તેમણે ભાર મૂક્યો કે ધ્યાન શાંતિ, સ્પષ્ટતા અને સકારાત્મક દ્રષ્ટિકોણ લાવીને પરિવર્તનકારી ભૂમિકા ભજવી શકે છે, તેમજ બીજાઓને સાંભળવાની અને સમજવાની ક્ષમતાને પ્રોત્સાહન આપી શકે છે. ઉપરાષ્ટ્રપતિએ ભાર મૂક્યો કે ધ્યાનની સાચી શકિત મનુષ્યના પરિવર્તનમાં રહેલી છે. તેમણે કહ્યું કે ધ્યાન તણાવ ઘટાડવામાં, એકાગ્રતા વધારવામાં, ભાવનાત્મક સ્થિતિસ્થાપકતા સુધારવામાં અને વધુ પડતું વિચારવા અને વધુ પડતું કામ કરવા જેવી સમસ્યાઓનો સામનો કરવામાં મદદ કરે છે. ઉપરાષ્ટ્રપતિએ અર્થપૂર્ણ જીવનના ભોગે સતત ભૌતિક સફળતા મેળવવા સામે ચેતવણી આપતા કહ્યું કે, સંપત્તિએ સુખ-સુવિધાઓ પૂરી પાડવી જોઈએ, પરંતુ તે જીવન પર પ્રભુત્વ ન રાખવું જોઈએ. તેમણે ભાર મૂક્યો કે ધ્યાન વિચારસરણીને વધારે છે અને લોકોને સંતુલિત અને સંતોષકારક જીવન જીવવા માટે સક્ષમ બનાવે છે. તેમણે એ ખ્યાલને પણ દૂર કર્યો કે ધ્યાન ફક્ત આધ્યાત્મિક શોધકો માટે છે; તેમણે સ્પષ્ટ કર્યું કે તે દરેક માટે છે અને સામાન્ય લોકોને પણ ઉચ્ચ ચેતના તરફ દોરી શકે છે. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિઝનનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે આર્થિક વિકાસની સાથે માનસિક સ્વાસ્થ્યની કાળજી લેવી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે ધ્યાન આંતરિક શાંતિ, ભાવનાત્મક સંતુલન અને વિચારની સ્પષ્ટતા વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે - જે પ્રગતિશીલ રાષ્ટ્ર માટે જરૂરી છે. ડ્રગ્સના દુરુપયોગ સામે લડવા માટેની તેમની લાંબા સમયથી પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા, ઉપરાષ્ટ્રપતિએ ડ્રગ્સને નાબૂદ કરવાના હેતુથી ૨૦૦૪ની પદયાત્રાને યાદ કરી હતી. ખાસ કરીને યુવાનોમાં ડ્રગના દુરુપયોગમાં વધારો થવા અંગે ચિંતા વ્યક્ત કરતાં, તેમણે કહ્યું કે ધ્યાન વ્યસન સામે લડવામાં એક શક્તિશાળી સાધન સાબિત થઈ શકે છે, કારણ કે તે વ્યક્તિઓને તણાવ, ચિંતા અને દિશાહિનતાને દૂર કરવામાં મદદ કરે છે. ફિલોસોફર જિદ્દુ કૃષ્ણમૂર્તિને ટાંકીને ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, "નિર્ણય વિના ફક્ત અવલોકન કરવાની ક્ષમતા એ શાણપણનું સર્વોચ્ચ સ્વરૂપ છે." તેમણે કહ્યું કે ધ્યાન વ્યક્તિઓને પૂર્વગ્રહ વિના તેમના વિચારોનું નિરીક્ષણ કરવા સક્ષમ બનાવે છે, જેનાથી વ્યક્તિગત પરિવર્તન થાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આવા પરિવર્તનથી સમજદાર વ્યક્તિઓ, સુમેળભર્યા સમુદાયો, કરુણાપૂર્ણ નેતૃત્વ અને વધુ માનવીય સંસ્થાઓને પ્રોત્સાહન મળે છે. આંતરિક પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂકતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે વધુ સારી દુનિયાનું નિર્માણ એક સારા અને શાંત મનના વિકાસથી શરૂ થાય છે, અને ધ્યાન આ યાત્રાનું પ્રારંભિક બિંદુ છે. આ પ્રસંગે CBI અને CRPFના ભૂતપૂર્વ ડિરેક્ટર શ્રી ડી.આર. કાર્તિકેયન, પરમાર્થ નિકેતન આશ્રમ, ઋષિકેશના પ્રમુખ અને આધ્યાત્મિક વડા સ્વામી ચિદાનંદ સરસ્વતીજી, ક્વોન્ટમ લાઈફ યુનિવર્સિટીના અધ્યક્ષ ડૉ. ન્યૂટન કોંડાવેતી, બુદ્ધ-CEO ક્વોન્ટમ ફાઉન્ડેશનના સ્થાપક શ્રી ચંદ્ર પુલામારસેટ્ટી, પિરામિડ સ્પિરિચ્યુઅલ ટ્રસ્ટ (હૈદરાબાદ) ના અધ્યક્ષ શ્રી વિજય ભાસ્કર રેડ્ડી, તેમજ ધ્યાન ગુરુઓ, નીતિ નિર્માતાઓ અને વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

**ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિતે સાંસદ શ્રી મિતેષભાઇ પટેલે પોતાના નિવાસ સ્થાન પર ભાજપનો ધ્વજ લહેરાવ્યો. આ અવસરે વાસદ જિલ્લા પંચાયત પ્રભારી શ્રી નિલેશભાઇ પટેલ, સરપંચ શ્રી પુનમભાઇ પરમાર, તાલુકા કોષાધ્યક્ષ શ્રી ભાવિનભાઇ પંડયા સહિત કાર્યાકરો ઉપસ્થિત રહ્યા**



# પીએમ મોદીના કાર્યો અને ભાજપની વિચારધારાથી પ્રભાવિત થઈ દિગ્ગજ આગેવાન નગીનભાઈ સોલંકી ભાજપમાં જોડાયા

## આગામી પંચાયત ચૂંટણીઓ પૂર્વે આંકલાવ કોંગ્રેસમાં ભંગાણ







## 'જાયન્ટ કિલર' સાંસદ મિતેષભાઈ પટેલની આગેવાની અને કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં કેસરિયો ખેસ ધારણ કર્યો

કમલમ્,

આગામી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સ્થાનિક ચૂંટણીઓ પહેલાં આંકલાવ વિધાનસભાના રાજકારણમાં એક મોટો ભૂકંપ આવ્યો છે. કોંગ્રેસના પ્રદેશ પૂર્વ પ્રમુખ અમિત ચાવડાના અત્યંત નજીકના અને બામણગામ જિલ્લા પંચાયત વિસ્તારના પ્રભાવશાળી આગેવાન શ્રી નગીનભાઈ ચંદુભાઈ સોલંકીએ કોંગ્રેસને કાયમ માટે જાકારો આપી દીધો છે. તેઓ 'ગુજરાતના જાયન્ટ કિલર' અને વિસ્તારમાં બકાભાઈના હુલામણા નામથી ખ્યાતનામ સાંસદશ્રી મિતેષભાઈ પટેલની ગતિશીલ આગેવાની હેઠળ અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી રમણભાઈ સોલંકીની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિમાં વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. નગીનભાઈ સોલંકીનું આ જોડાણ માત્ર સત્તાકીય નથી, પરંતુ તે એક વૈચારિક પરિવર્તન છે. તેમણે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના 'અંત્યોદય' અને 'એકાત્મ માનવવાદ'ના સિદ્ધાંતોને આત્મસાત કરી ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદી વિચારધારાનો સ્વીકાર કર્યો છે. 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના સાથે તેમણે કોંગ્રેસની તુષ્ટિકરણની નીતિઓને તિલાંજલિ આપી છે. કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાવા પાછળનું મુખ્ય કારણ દેશના લોક લાડીલા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનું વૈશ્વિક નેતૃત્વ અને તેમના દ્વારા થઈ રહેલા ઐતિહાસિક વિકાસ કાર્યો છે. પીએમ મોદી સાહેબના 'સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ'ના મંત્રએ છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડી છે. આ સાથે જ, ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના નેતૃત્વમાં ડબલ એન્જિન સરકાર જે પ્રકારે પારદર્શક વહીવટ અને ઝડપી વિકાસના કાર્યો કરી રહી છે, તેનાથી પ્રભાવિત થઈને નગીનભાઈએ વિકાસની આ મુખ્યધારામાં જોડાવાનો નિર્ધાર કર્યો છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપને વધુ મજબૂત બનાવવામાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલની રણનીતિ અને વિકાસલક્ષી અભિગમ મોટો ભાગ ભજવી રહ્યો છે. મિતેષભાઈ પટેલે ગુજરાતના રાજકારણમાં 'જાયન્ટ કિલર' તરીકેની છાપ ઊભી કરી છે:

૨૦૧૯ ની લોકસભા ચૂંટણીમાં તેમણે કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી (વિદેશ અને રેલવે) ભરતસિંહ સોલંકીને આણંદ લોકસભાના ઈતિહાસમાં સૌથી વધુ એવા ૧,૯૭,૭૧૮ લાખ મતોના જંગી અને રેકોર્ડબ્રેક માર્જિનથી ધૂળ ચટાડી હતી. ૨૦૨૪ ની લોકસભા ચૂંટણીમાં તેમણે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને પણ આશરે ૮૯,૯૩૯ મતોના મોટા અંતરથી પરાજિત કરીપોતાની લોકપ્રિયતાઅને ભાજપની તાકાતનો પરચો આપ્યો હતો. કોંગ્રેસના બે-બે દિગ્ગજોને હરાવનાર સાંસદ મિતેષભાઈ પટેલના લોકસંપર્ક અને વિકાસ કાર્યોથી આકર્ષાઈને જ નગીનભાઈ જેવા કદાવર નેતા ભાજપમાં આવ્યા છે. આ ઐતિહાસિક પ્રસંગે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી રમણભાઈ સોલંકી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ નગીનભાઈ સોલંકીને કેસરિયો ખેસ અને ટોપી પહેરાવી ભાજપ પરિવારમાં આવકાર્યા હતા. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર ગ્રામ્ય સ્તરના વિકાસ માટે કટિબદ્ધ છે અને નગીનભાઈ જેવા અનુભવી આગેવાનના જોડાવાથી સરકારની યોજનાઓ વધુ સારી રીતે લોકો સુધી પહોંચશે. નગીનભાઈ સોલંકી કોઈ સામાન્ય કાર્યકર નથી. મોટી સંખ્યાડના આગેવાન એવા નગીનભાઈ છેલ્લા ૨૫ વર્ષ સુધી ગામના સરપંચ તરીકે અવિરત સેવા આપી ચૂક્યા છે. તેઓ પૂર્વતાલુકા પંચાયત પ્રમુખ તરીકે ફરજ બજાવી ચૂક્યા છે અને ૧૫ વર્ષ સુધી છઁસ્ઝ ના ડિરેક્ટર તરીકે ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ કામગીરી કરી છે. આગામી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં તેમનો આ ૨૫ વર્ષનો જમીની અનુભવ ભાજપ માટે 'ટ્રમ્પ કાર્ડ' સાબિત થશે. બામણગામ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં આંકલાવ વિધાનસભાના ઉમેદવાર શ્રી ગુલાબસિંહ પઢિયાર, આંકલાવ તાલુકા પ્રભારી શ્રી સુનિલભાઈ શાહ, તાલુકા મહામંત્રી શ્રી અલ્પેશભાઈ, શહેર પ્રમુખ શ્રી મિહિરભાઈ શાહ, મહામંત્રી શ્રી સંજયભાઈ, શ્રી શંભુભાઈ સહિત મોટી સંખ્યામાં ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને નગીનભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી. આગામી પંચાયત ચૂંટણીઓ પહેલાં અમિત ચાવડાના ગઢમાં આ મોટું ગાબડું છે. ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની વિચારધારા, પીએમ નરેન્દ્રભાઈ મોદી અને સીએમ ભૂપેન્દ્રભાઈ પટેલના વિકાસ કાર્યો તેમજ 'જાયન્ટ કિલર' સાંસદ મિતેષભાઈ પટેલના સબળ નેતૃત્વનો સમન્વય આંકલાવ પંથકમાં કોંગ્રેસના સૂપડા સાફ કરી ભાજપનો ભગવો વધુ શાનથી લહેરાવશે તેમાં કોઈ બેમત નથી.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028